આજે રામનવમીના પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

અમદાવાદ,તા.૨૪

આવતીકાલે ભગવાન શ્રીરામચંદ્ર ભગવાનજીનો જન્મદિવસ એટલે કે, રામનવમીનું પવિત્ર પર્વ છે, જેને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરના રામજીમંદિરોમાં સાથે સાથે તેમના પરમભકત હનુમાનજી મંદિરોમાં વિશેષ પ્રભુ શ્રીરામના જન્મોત્સવ, હિંડોળા, સાજ-શણગાર, પૂજા-પાઠ, રામધૂન, રામાયણ પાઠ, સુંદરકાંડના પાઠ સહિતના અનેકવિધ ભકિતસભર કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના રિલીફરોડ પર આવેલ હાજા પટેલની પોળમાં આવેલા ૬૦૦ વર્ષ પ્રાચીન શ્રી કાળા રામજી મંદિરમાં આવતીકાલે શ્રી રામ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો, શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિરમાં આવતીકાલે રામનવમી નિમિતે પં.વિજયશંકર મહેતા દ્વારા ખાસ હનુમાનચાલીસા અને સુંદરકાંડના મહાપાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

સાથે સાથે આવતીકાલે ભગવાન સ્વામિનારાયણની પણ જન્મજયંતિ હોઈ શહેરના શાહીબાગ, ગુરૂકુળ, છારોડી સહિતના સ્વામિનારાયણ મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાનના જન્મોત્સવની ઉજવણીનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામના જન્મદિવસ એવી રામનવમીને લઈ શહેરના રામજીમંદિરો, કૃષ્ણંમદિરો અને તેમના પરમભકત એવા હનુમાનજી મંદિરોમાં શ્રીરામ જન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ કરાઈ છે. રામનવમીના પવિત્ર પર્વને લઈ રામજી મંદિરોમાં ખાસ કરીને શહેરના જગન્નાથજી મંદિર, હાજા પટેલની પોળના શ્રી કાળા રામજી મંદિર, પ્રેમદરવાજાના સુપ્રસિધ્ધ સરયુમંદિર(રામજી મંદિર), મેમનગર ગામમાં શ્રીરામજી મંદિર, દર્પણ છ રસ્તા પાસે આવેલ રામજી મંદિર, ઈસ્કોન મંદિર, કેમ્પ હનુમાનજી મંદિર સહિતના મંદિરોમાં આવતીકાલે ભગવાનના વિશેષ અને બહુ સુંદર, આકર્ષક અને મનોરમ્ય સાજ-શણગાર કરવામાં આવશે. સાથે સાથે શ્રીરામચંદ્રજીના બાળસ્વરૂપને હિંડોળામાં ઝુલાવવામાં આવશે. શ્રધ્ધાળુ ભકતો માટે રામજી મંદિરોમાં આવતીકાલે પારણાં ઝુલાવવાની અને પ્રસાદીની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આવતીકાલે અમદાવાદ શહેર સહિત રાજયભરના રામજી મંદિરો, કૃષ્ણ મંદિરો અને હનુમાનજી મંદિરોમાં રામનવમીને લઈ રામધૂન, રામાયણના પાઠ, સુંદરકાંડ, હનુમાનચાલીસા, મહાઆરતી સહિતના ધાર્મિક અને ભકિતસભર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હાજા પટેલની પોળના શ્રી કાળા રામજી મંદિર ખાતે આવતીકાલે બપોરે ૧૨.૦૦ વાગ્યે ભગવાન શ્રીરામનો જન્મ, ૧૨-૧૫થી હિંડોળા દર્શન, પ્રસાદ, સાંજે ૪.૦૦ વાગ્યે જન્મપત્રિકા વાંચન, સાંજે ૪.૩૦થી ૭.૩૦ દરમ્યાન જાણીતા ગુજરાતી ટીવી કલાકાર ભાલચંદ્ર શુકલના ભકિતસંગીતનો કાર્યક્રમ અને સાંજે ૮થી ૯ દરમ્યાન નોમ ઉત્સવ સંકિર્તન સાથે શ્રીરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ જ પ્રકારે શહેર સહિત રાજયભરના શ્રીરામજી મંદિરોમાં બપોરે ૧૨ વાગ્યે શ્રીરામ જન્મોત્સવની ભવ્ય અને ભકિતસભર ઉજવણી કરવામાં આવશે.

દરમ્યાન આવતીકાલે ભગવાન સ્વામિનારાયણની પણ જન્મજયંતિ હોઈ શહેરના શાહીબાગ, ગુરૂકુળ, છારોડી સહિતના સ્વામિનારાયણ મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાનના જન્મોત્સવની ઉજવણીનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતસમાજ અને શિષ્યો દ્વારા પણ ભગવાન સ્વામિનારાયણની જન્મજયંતિને લઈ શિક્ષાપત્રી પઠન, સ્વામિનારાયણ ધૂન સહિતના ભકિતસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓ ઉમટી પડે તેવી શક્યતા છે.

રામ નવમીના પવિત્ર તહેવાર નિમિતે દિવાસળી અને દોરીના માધ્યમથી મીનીએચર સ્કલ્પચર બનાવનાર અમદાવાદના કલાકાર મુકેશ પંડ્યાએ રામ સેતુની અદ્દભૂદ રચના કરી છે. મુકેશ પંડયા પોતાની આ કળામાં લગભગ દરેક ભારતીયને દર્સાવી ચૂકેલ છે. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ જેવા તમામ ધર્મના તહેવારો, હોળી હોય કે દિવાળી, નવરાત્રિ કે શિવરાત્રી, ક્રિસમસ હોય કે ઈદ, કે પછી બેશાખી, વગેરે વગેરે જેવા દરેક તહેવારો સોસીયલ મીડિયામાં વાયરલ કરીને આ કલાકારે ભારતીય તહેવારોને વૈશ્વીક પ્રસિદ્ધિ અપાવી છે. અહીં આ ૨ સેન્ટિમીટરની હાઈટની વાનરસેનાને રામસેતુનું નિર્માણ કરતા દર્સાવેલ છે. ખાસ બાબત તો એ છે કે તેઓએ રામસેતુના દરેક પથ્થર પર રામ લખેલું દર્સાવેલ છે. ૨ એમએમના આ પથ્થરો પર લખેલું રામ નામ વાંચવા આપણે મેગ્નિફ્લાય કાચનો ઉપયોગ કરવો પડે. પ્રભુ શ્રી રામના ભથ્થામાં જે તીર દર્સાવેલ છે એ પણ નરી આંખે દેખાવા લગભગ શક્ય નથી. તેમજ રાવણ વધ પણ અલગ અંદાજથી દિવાસળી દ્વારા દર્સાવેલ છે. આજની યુવા પેઢી ભારતીય તહેવારો તેમજ સંસ્કૃતિનું જતન કરે એજ મેસેજ ફેલાવવાનો જ આ કલાકારનો મુખ્ય ધ્યેય છે.

સે-૩ સી કલ્ચરલ સ્કવેર ખાતે ચૈત્રી નવરાત નિમિત્તે આનંદના ગરબાનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. રાત્રિના સમયે કલ્ચરલ સ્કવેરમાં યોજાયેલા આનંદના ગરબામાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. કલાકરો દ્વારા ગરબાના અંતે સાંસ્કૃતિક નૃત્ય પણ રજુ કરાયુ હતુ. વાર્ડનં -૭ ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા તેમજ રાકેશ પટેલે પણ દર્શનનો લાભ લઈ ધાર્મિક કાર્યક્રમના આયોજનને બિરદાવ્યુ હતુ. કલ્ચરલ સ્કવેરના પ્રમુખ વિષ્ણુ પટેલ વાસુદેવ અજબાણી , રામભાઈ પટેલ, રવિ દવે જયંત દેસાઈ દેવેન્દ્ર ઠાકોર સહીતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી આયોજનને સફળ બનાવ્યુ હતુ.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મોક્ષેશ શેઠ દિક્ષા ગ્રહણ કરશે

અમદાવાદ, તા. ૨૪

સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ

શાહના ભત્રીજા મોક્ષેશ શેઠ ૨૦ એપ્રિલે અમદાવાદમાં દીક્ષા ગ્રહણ કરવાના છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મોક્ષેશ છેલ્લા બેએક વરસથી પરિવારના વેપારમાં પ્રવૃત્ત હતા. ગિરીશભાઈ એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય પણ છે.

જિજ્ઞા સંદીપ શેઠના દીકરા મોક્ષેશ અમદાવાદના તપોવનમાં ૨૦ એપ્રિલે દીક્ષા ગ્રહણ કરશે. તેઓ વૈરાગ્યદેશના દક્ષ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજય કલ્યાણબૌધિસૂરીશ્વરજીના પરમ વિનયી શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી જિનપ્રેમ વિજયજી મ. સા.નાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરશે.

શેઠ પરિવારમાંથી દીક્ષા ગ્રહણ કરનારા પ્રથમ સભ્ય મોક્ષેશ છે. તેઓ જણાવે છે, ''મેં નક્કી પાછલા જન્મોમાં કોઈક સારાં કર્મ કર્યાં હશે, જેના ફળ હુ આ જન્મમાં પામ્યો. મારે મારું જીવન જિનચરણે અર્પણ કરીને એને સાર્થક કરવું છે.''

આ પાવન પ્રસંગે માતુશ્રી રમીલાબહેન જયંતીલાલ કાલિદાસ શેઠ પરિવારે મુંબઈ તથા બહાર ગામના સકળ જૈન સંઘોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને શાસનની શોભા વધારવા આગ્રહભરી વિનંતી કરી છે.

આજે કુડાસણ ખાતે હેપ્પી ચકલીઘરનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

હેપ્પી યુથ ક્લબ દ્વારા પ્રેરિત હેપ્પી સ્પેરો વીક અંતર્ગત આવતીકાલે તા. ૨૫મી માર્ચ રવિવારના રોજ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વાગત ફોરેસ્ટ-૧ની પાછળના શ્યામસૃષ્ટિ કોમ્પલેક્ષ ખાતે 'હેપ્પી ચકલી ઘર'ના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિતરણ કાર્ય સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન યોજાશે. જેનો આ વિસ્તારના રહીશોને લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મહિલા તબીબની આત્મહત્યા

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી મહિલા ડોકટરે આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર મચી જવા પામી છે. મહિલા તબીબ સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગમાં ફરજ બજાવતી હોવાનું અને તેણી ગર્ભવતી હોવાની ચોંકાવનારી માહિતી પણ સામે આવી છે. મહિલા તબીબની આત્મહત્યાને પગલે સમગ્ર સિવિલ હોસ્પિટલના તબીબી આલમમાં ભારે ચર્ચા ચાલી હતી. બીજીબાજુ, પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરની સિવિલ હોસ્પિટલમાં પીડિયાટ્રીક વોર્ડમાં ફરજ બજાવતી ૨૩ વર્ષીય મહિલા તબીબ રૂહી હથિધરાએ હોસ્ટેલમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જો કે, તેનો મૃતદેહ ધાબા પરથી મળી આવતાં અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. રૂહીના લગ્નને અઢી વર્ષ જેટલો સમય થયો હતો અને તેણી ગર્ભવતી હતી. તેણીના પિતા પણ ડોકટર છે અને પતિ વડોદરા હોસ્પિટલમાં ફરજ બજાવે છે. પોલીસ અને તબીબી તપાસ દરમ્યાન એવી હકીકત પણ સામે આવી હતી કે, રૂહીએ ગળેફાંસો ખાવાની સાથે સાથે ઈન્સ્યુલિન લઈને પણ સ્યુસાઈડ કર્યું હતું અને તેણીએ હાથના ભાગે ઈન્જેકશન પણ લીધુ હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં મહિલા તબીબે પરીક્ષાના બોજ અને તાણના કારણે આત્મહત્યાનું પગલુ ભર્યુ હોઈ શકે. જો કે, તેમછતાં પોલીસે હોસ્ટેલની અન્ય મહિલા તબીબ, પીડિયાટ્રીક વોર્ડના સ્ટાફ સહિતના સંબંધિત લોકોની પૂછપરછ કરી સમગ્ર કેસમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પોલીસે મહિલા તબીબના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચૈત્રી નવરાત્રી આઠમ નિમિત્તે શહેરના જુદા જુદા વિસ્તારોમાં હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. નવાપુરામાં બહુચરાજી મંદિરમાં પણ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડિપ્લોમા ઈન ફાર્મસી માટે હવે, એકઝીટ એકઝામ

આ એકઝામ પાસ કરી હશે તો જ ફાર્માસિસ્ટનું રજિસ્ટ્રેશન શકય બનશે : તમામ બાબતો આગામી વર્ષથી ઓનલાઇન

અમદાવાદ,તા. ૨૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના ચાંદખેડા કેમ્પસમાં દેશભરની ફાર્મસી કોલેજોના પ્રિન્સીપાલો, ડિરેકટરો અને મેડિકલ સ્ટોરના સંગઠનોના પ્રતિનિધિઓ તથા ફાર્મા ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે બે દિવસીય મહત્વની કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેની જાહેરાત કરતાં ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય પ્રમુખ બી. સુરેશે જણાવ્યું હતું કે, ફાર્મસી શિક્ષણ અને વ્યવસાયની ઝડપથી પ્રગતિ અને ઉત્કર્ષ માટે ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા હવે ડિજીટલ યુગમાં પદાર્પણ કરવા જઈ રહી છે અને આગામી વર્ષથી ફાર્મસી કોલેજોની એપ્રુવલથી લઈ ફાર્મસી શિક્ષણની તમામ બાબતો ઓનલાઈન થઈ જશે. બીજી મહત્વની વાત એ નક્કી કરાઈ છે કે, હવેથી ડિપ્લોમા ઈન ફાર્મસી માટે દેશભરમાં એક કોમન એકઝીટ એકઝામ લેવામાં આવશે, જે પરીક્ષા પાસ કરશે તો જ જે તે ફાર્માસીસ્ટનું રજિસ્ટ્રેશન શકય બનશે, અન્યથા નહી. ફાર્મસીમાં આ કોમન એકઝીટ એકઝામને અમલી બનાવતાં છ-આઠ મહિનાનો સમય લાગી જશે. આ સિવાય બીજો મહત્વનો નિર્ણય એ લેવાયો છે કે, ફાર્માસીસ્ટ ઉદ્યોગજગતના તાજા અપડેટ્સ અને ફેરફારોથી વાકેફ અને માહિતગાર રહે તે હેતુથી હવે ફાર્માસીસ્ટ માટે ઓનલાઈન રિફ્રેશર કોર્સ ઉપલબ્ધ બનાવાશે. દરેક ફાર્માસીસ્ટ માટે પાંચ વર્ષમાં બે રિફ્રેશર પ્રોગ્રામ કર્યા હોય તો જ તેનું લાયસન્સ રિન્યુ કરવાની જોગવાઈ છે તેમાં ફાર્માસીસ્ટ્સને વધુ સુગમતા રહે તે હેતુથી હવે ઓનલાઈન રિફ્રેશર કોર્સ કરવાનું નક્કી કરાયું છે.

ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય પ્રમુખ બી.સુરેશ અને જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.ડો.નવીન શેઠે જણાવ્યું હતું કે, ડિપ્લોમા ઈન ફાર્મસીમાં એકઝીટ એકઝામ લાગુ કરવાનું નક્કી કરાયું છે અને તેના સમગ્ર માળખાકીય અમલીકરણમાં હજુ છ થી આઠ મહિનાનો સમય લાગી જશે. આ એકઝામ પાસ નહી કરી હોય તો તેવા ફાર્માસીસ્ટનું રજિસ્ટ્રેશન શકય નહી બને તેથી આ એકઝામ પાસ કરવી ફાર્માસીસ્ટ માટે ફરજિયાત રહેશે.

જો કે, જૂના ફાર્માસીસ્ટોને આ એકઝીટ એકઝામનો નિયમ લાગુ નહી પડે પરંતુ હવે પછીના નવા ફાર્માસીસ્ટો જે બહાર પડે તેઓએ આ એકઝામ પાસ કરવી ફરજિયાત રહેશે. આ સિવાય દેશની ૧૨૦૦થી વધુ ફાર્મસી કોલેજોના એપ્રુવલ, ફરિયાદો, સમસ્યાના નિરાકરણ, શિક્ષણની ગુણવત્તા, એકસમાન અભ્યાસક્રમ સહિતના અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરી નિર્ણયો લેવાયા હતા. ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય પ્રમુખ બી.સુરેશ અને જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.ડો.નવીન શેઠે ઉમેર્યું હતું કે, દેશભરમાં હાલ દસ લાખથી વધુ ફાર્માસીસ્ટ છે.

જેમાં સાત લાખ તો વિવિધ કેમીસ્ટ એસોસીએશન હેઠળ સંકળાયેલા છે. દેશમાં હાલ એક લાખ,વીસ હજાર કરોડ રૂપિયાની દવાઓ ઉત્પાદિત થઈ રહી છે, જેમાંથી ૬૦ટકા તો આપણે નિકાસ કરી રહ્યા છે ત્યારે ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ અને શિક્ષણના વિકાસ માટે નક્કર અને પરિણામલક્ષી નિર્ણયો લેવા જરૂરી બન્યા છે. બેઠકમાં ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલના પ્રમુખ મોન્ટુકુમાર પટેલ, ઉપપ્રમુખ શ્રેણીક પટેલ, રજિસ્ટ્રાર ગીલ્બર્ટ મેકવાન, ફાર્મસી વિભાગના ડીન ડો.સી.એન.પટેલ અને ડો.બાંગારૂથન સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કુલ ૮.૧૮ લાખ ટન કઠોળનું ઉત્પાદન થયું

ગાંધીનગર,તા.૨૪

ભારતમાં કઠોળનું ઉત્પાદન વર્ષ ૨૦૧૬-૧૭માં ૨.૩૧ કરોડ ટન રહ્યું હતું , જે વર્ષ ૨૦૧૫-૧૬ના ૧.૬૩ કરોડ ટનના ઉત્પાદનની સરખામણીએ ૪૧ ટકાનો વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં કઠોળનું ઉત્પાદન ભારતમાં ૧.૭૨ કરોડ ટન અને ગુજરાતમાં ૫.૭૪ લાખ ટન રહ્યું હતું. વર્ષ ૨૦૧૬-૧૭માં ગુજરાતમાં કઠોળનું ઉત્પાદન ૫૦ ટકા જેટલું વધ્યું હતું. વર્ષ ૨૦૧૫-૧૬માં રાજયમાં કઠોળનું ઉત્પાદન ૫.૪૩ લાખ ટન હતું, જે વર્ષ ૨૦૧૬-૧૭માં ૮.૧૮ લાખ ટન સુધી પહોંચ્યું હતું. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્યપ્રધાન ગજેન્દ્ર સિંઘ શેખાવતે માર્ચ ૨૩, ૨૦૧૮ના રોજ રાજયસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી.ચોમાસામાં વરસાદની અછત/ખેંચ, માવઠા/કરા અને વિપરીત તાપમાનની પરિસ્થિતિ વગેરેને કારણે દેશમાં કઠોળનું ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫માં ૧.૭૨ કરોડ ટન અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૧.૬૩ કરોડ ટન રહ્યું હતું, જે અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪ના વિક્રમજનક ઉત્પાદન ૧.૯૩ કરોડ ટન કરતાં ઓછું હતું. જો કે, વર્ષ ૨૦૧૬ના સામાન્ય ચોમાસા અને સરકારે લીધેલાં વિવિધ પગલાંને કારણે વર્ષ ૨૦૧૬-૧૭માં કઠોળનું ઉત્પાદન વધીને ૨.૩૧ કરોડ ટન થયું હતું.

પરિમલ નથવાણી દુષ્કાળને કારણે કઠોળના ઉત્પાદન પર થયેલી અસર, સરકાર દ્વારા કઠોળનું ઉત્પાદન વધારવા લેવાયેલાં પગલાં અને કઠોળનું ઉત્પાદન વધારવા માટે વર્ષ ૨૦૧૮-૧૯માં ફાળવવામાં આવેલી રકમ અંગે જાણવા માંગતા હતા. કેન્દ્રીય કૃષિ રાજ્યકક્ષાના પ્રધાને જણાવ્યું હતું કે સમયાંતરે કઠોળના ટેકાના ભાવોમાં પણ વધારો કરવામાં આવ્યો છે, જેથી ખેડૂતોને કઠોળના ઉત્પાદન માટે પ્રોત્સાહન આપી શકાય. વર્ષ ૨૦૧૮-૧૯ માટે નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન માટે રૂ.૧૭૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં એન.એફ.એસ.એસ.-પલ્સીસના હિસ્સાનો પણ સમાવેશ થાય છે.

લાલુને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાર કેસોમાં લાલૂ યાદવને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હવે સજા આપવામાં આવી ચુકી છે ડુમકા તિજોરીમાંથી ગેરકાયદે નાણાંકીય ઉચાપતના મામલામાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમની સાથે મહેન્દ્રસિંહ બેદી, અધિકચંદ્ર, ધ્રુવ ભગત અને અનંતકુમારને પણ નિર્દોષ છોડવામાં આવ્યા હતા. આ મામલામાં ગયા શનિવારના દિવસે ચુકાદો આવનાર હતો પરંતુ ટાળી દેવામાં આવ્યો હતો. આ અગાઉ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં લાલૂને દેવઘર મામલામાં સજા ફટકારવામાં આવી હતી. ઘાસચારા કૌભાંડના ત્રણ કેસો પૈકી ત્રીજા કેસમાં લાલૂ અને જગન્નાથ મિશ્રાને ચાઈબાસા તિજોરીમાંથી ઉચાપત બદલ ૫-૫ વર્ષની સજા ફટકારી હતી. ઘાસચારા કોંભાડનો ચોથો કેસ ડુમકા તિજોરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત છે. એ વખતે લાલુ યાદવ બિહારના મુખ્યમંત્રી હતા. આ કેસમાં બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા અને અન્ય ૨૯ લોકો પણ આરોપી હતા. ૬૯ વર્ષીય લાલુ યાદવ હાલમાં ગયા વર્ષે સજા કરવામાં આવ્યા બાદથી ડિસેમ્બર મહિનાથી બિરસા મુન્ડા જેલમાં છે. રાંચીમાં ડોરાન્ડા તિજોરીમાંથી ૧૩૯ કરોડ રૂપિયાની ઉંચાપત સાથે સંબંધિત મામલો હજુ પેન્ડિંગ છે.

અણ્ણા હજારે ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે મને તમારી વાત પર વિશ્વાસ નથી. તેથી તમે કોઈ નક્કર યોજના બનાવી મને મળવા આવજો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કૃષિખર્ચ અને ભાવપંચ (સીએસીપી)ને યોગ્ય ભાવ નિર્ધારણ માટે સ્વાયત્ત બનાવવાં જોઈએ. સરકાર આ માટે યોગ્ય દિશામાં કામ કરે તે જરૂરી છે. હાલ દેશના કિસાન મુસીબતમાં છે. તેથી ગઈ કાલથી શરૂ થયેલા આંદોલનમાં મોટી સંખ્યામાં કિસાન સામેલ થયા હતા, જેમાં યુપી, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ અને આસામથી અનેક ખેડૂત તેમની માગણી સાથે આવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકારે અમારી લડત રોકવા ટ્રેન અને બસ બંધ કરી દીધી હતી. તેમ છતાં અમારી આ લડાઈમાં અનેક કિસાન સામેલ થયા છે.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ...

બાળકના હૃદયમાં તો ખાસ. આપણે જાણીએ જ છીએ કે બાળકને ઈશ્વરનું રૂપ ગણવામાં આવે છે. આ શેરમાં બાળક જે કોઈ કારણોથી રડતું હોય. એ ભૂખ્યું છે ? તો એને જમવાનું આપીએ, એ એના માબાપથી જુદુ પડી ગયું છે ? તો એમની સાથે મેળવવામાં મદદ કરીએ, બાળકને રમકડું જોઈએ છે ? તો એને એ લઈ દઈએ. ટૂંકમાં રડતા બાળકને હસાવવું એ જ સૌથી મોટો માનવધર્મ છે. પ્રત્યેક મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. કર્મ છે એ જ સાચી ઈશ્વર ભક્તિ છે. ધર્મ છે. પૂજા આરાધના છે. જો મનુષ્યનું મન શુદ્ધ હશે પવિત્ર હશે તો આ માનવધર્મ પણ સાહજીકતાથી પાળી શકાશે.

આમ સમગ્ર રીતે જોઈએ તો નારીધર્મ કે ઈશ્વરધર્મ કે માનવધર્મની મધ્યમાં મન છે. આત્મા છે જો પ્રત્યેક વ્યક્તિનું મન - આત્મા પવિત્ર બને તો આ ત્રણેય ધર્મો સરળતાથી નિભાવી શકાશે. અગાઉના હજારો વર્ષ પહેલા ચમત્કારો થતા હતા એનું કારણ એ હતું કે એ સમયે પ્રત્યેક માણસના આત્મામાં સત્ય હતું અને સાચા ધર્મની સમજ હતી, સ્વાર્થ નહોતો જેથી દરેક માનવી એક શક્તિ ધરાવતો હતો, એની માનસિક શક્તિથી એ ગમે તેવા અઘરા કામ કરી શકતો હતો. પરંતુ આજે આ બધી આપણી આધ્યાત્મિક વિરાસત લૂપ થઈ ગઈ છે. કેમ કે આજે માનવીના મન અને આત્મામા રહેલી પવિત્રતા ભાગ્યે જ ક્યાંક કોઈ સંત મહાત્મા જેવા પૂણ્યશાળી વ્યક્તિમાં જોવા મળે છે.

જો કે આ ૨૧મી સદી છે. ઈન્ટરનેટ ડેટા અને વિસ્ફોટોની સદી છે, ધીમે ધીમે તમામ પ્રકારના આશ્ચર્ય ગુમાવવાની સદી છે. આવા સમયે નમ અને આત્મા શુદ્ધ રાખવા, પવિત્ર રાખવા એ કદાચ અઘરી બાબત નહી પણ અશક્ય બાબત છે. પણ જો આપણે આપણી માનવજાતને બચાવવી હશે તો મન અને આત્માની શુદ્ધતા, પવિત્રતા લાવવી જ પડશે.

રઝળપાટ ● ચોથા પાનાનું ચાલુ...

વિચારવાનો સમય જ નથી ..!' એ હુઈ ના બાત ...! મહાત્મા ગાંધી , અબ્રાહમ લિંકન જેવા વિશ્વનેતાઓ કે આજના મોદી જેવા નેતાઓ પણ પોતાની જાતને વધુ ને વધુ વ્યસ્ત રાખે જ છે...! સીધી વાત છે કે ખાલી દિમાગમાં ચિંતાઓ વધુ ઝડપથી કબજો જમાવી બેસે એ પહેલા દિમાગને કૈક ને કૈક ગમતી પ્રવૃતિમાં વાળો, પરોવો અને એમાં મચ્યા રહો...! પછી ચિંતા (યાની કી નેગેટીવીટી)નું જ ચિંતા તા ચિંતા તા થઈ જવાનું ...!

પ્રસિદ્ધ વૈજ્ઞાનિક લુઈ પાશ્ચર કૈક આવું જ કહેતા કે પુસ્તકાલય અને વૈજ્ઞાનિક પ્રયોગોમાં કાર્યરત લોકોને ના તો હૃદયરોગનો હુમલો આવે છે ના તો અર્થહીન વિચારો માટે એમની પાસે સમય હોય છે ...! અર્થાત બીઝી રહેવાથી પોઝીટીવ રહેવાય કે નહિ એ અલગ વાત છે પણ નેગેટીવથી સ્ટે અવે તો રહેવાય જ એ નક્કી ...! વ્યસ્ત વ્યક્તિ ખાલી નેગેટીવ વિચારોને દુર હડસેલી શકે છે એટલું જ નહિ પણ સાથે સાથે જીવનને માણી પણ શકે છે, જીવનની આંતરિક સુંદરતા અને આનંદને પણ ઓળખી શકે છે, બીકોઝ વ્યસ્તતા એનામાં સમવોટ પોઝીટીવ રહેવાની એનર્જી વિકસાવતી રહેતી હોય છે. અને જો ખાલી સમય બચે જ છે તો કોઈક શોખ વિકસાવો ચાહે એ વાંચન હોય , રમત હોય . ચિત્રકામ હોય કે બીજું કઈ ..! પણ ખાલી દિમાગને કૈક ને કૈક કામ આપતા રહો કે જે તમને ગમતું હોય પછી જુવો કોઈ મહાન પોઝીટીવ થીન્કર ભલે ના બનો પણ એટલીસ્ટ સાવ નકારાતમ્ક તો નહિ જ બનો ...! આગળ કહ્યું એમ વ્યસ્ત રહેવાથી એક ફાયદો એ પણ થશે કે તમે નિરાશ ઓછા થશો કેમકે આખરે ગમતું કાર્ય કરતા જ નિષ્ફળ થશો તો દિલ કો શકુન મિલેગા કે કોઈ બાત નહિ આઈ હેવ ટ્રાઈડ એટલીસ્ટ ...!!!

વિસામો :

આજકાલ વોટ્સઅપમાં ' ખિસકોલી અને અખરોટ 'વાળું અને ' ૪૦ વર્ષ પછી ઉચ્ચ શિક્ષિત અને અલ્પ શિક્ષિત બંને સમાન છે 'જેવા ફોરવરડીયા મેસેજોને અને ' વ્યસ્ત અને મસ્ત રહેવું એ જ છે સાચું બી પોઝીટીવ 'વચ્ચે દુરદુર સુધી ક્યાય સંબંધ નથી !' – આ તો એક વાત !ઈશ્વરધર્મ, માનવ ધર્મ અને નારીધર્મને નવી સદીના દૃષ્ટિકોણથી સમજવા પડશે.